INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૧-૦૫-૨૦૨૪

આધુનિક ભારતના ઘડવૈયા, ૨૧મી સદીના સ્વપ્નદૃષ્ટા સ્વ. રાજીવજીની પુણ્યતિથી નિમિત્તે રાજીવજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી - એક શક્તિ, એક વિચારધારા, એક દ્રષ્ટિકોણ, એક પરિવર્તન અને માનવતાનું નામ છે. રાજીવ ગાંધી સ્વભાવથી ગંભીર પરંતુ આધુનિક વિચારો - વૈજ્ઞાનિક અભિગમ સાથે નિર્ણય લેવાની અદભૂત ક્ષમતા ધરાવતા હતા. રાજીવજી દ્વારા આ દેશમાં કોમ્પ્યુટર ક્રાંતિ લાવવામાં અહમ યોગદાન આપ્યું અને તે એમની દીર્ઘ દૃષ્ટિ હતી જેના કારણે આજે દેશ ડિજિટલ રીતે ઘણો આગળ છે એક રાજ્ય થી બીજું રાજ્ય અને એક દેશથી બીજા દેશમાં થતી પૈસા અને વાતોની અવર જવર છે બાકી અત્યારે દેશ જેટલો આગળ છે તે કદાચના હોત. પરંતુ ત્યારે પણ તેમનો ખુબ જ વિરોધ કરવામાં આવ્યો હતો. રાજીવજી દેશ માટે બોફર્સ ગન લાવ્યા ત્યારે પણ તેમના પર ખુબ જ વિરોધ કરવામાં આવ્યો હતો. કારગીલનું યુદ્ધ બોફર્સ ગનના કારણે જીત્યા હતા તે રાજીવ ગાંધીની દીર્ઘ દૃષ્ટિ હતી. ગુજરાતમાં જ્યારે દુષ્કાળ પડ્યો હતો ત્યારે લોકોએ છાસની માંગ કરી હતી અને ત્યારે રાજીવ ગાંધી દ્વારા કોંગ્રેસ પક્ષને કહીને સમગ્ર રાજ્યમાં છાસની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ સમયે જ્યારે બે સભ્ય સંસદમાં ભાજપના હતા તો પણ તેમને ક્યારેય તેમને ખરીદવાનું કે દબાણ કરવાનું નથી વિચાર્યું અને એવું કહ્યું હતું કે આ બે છે પરંતુ એમના પ્રત્યે મને માન છે.

૧૮ વર્ષે આપ્યો મતાધિકાર - લોકશાહીનું નવસર્જન, કોમ્પ્યુટર ક્રાંતિ, પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો નાખ્યો, લોકતંત્રમાં મહિલાઓની ભાગીદારી, નવી શિક્ષણ નીતિ, દૂરસંચાર ક્રાંતિ, નવોદય વિદ્યાલયનું સર્જન, ૧૯૮૭માં ટેકનોલોજી મિશન દ્વારા સાર્વત્રિક રસીકરણ, શુધ્ધ પીવાનું પાણી, તેલબીયા, શિક્ષણ, ટેલીકોમ્યુનિકેશનના પાયાગત, માળખાકીય સગવડ - સુવિધાઓ ઉભી કરીને આધુનિક ભારતના નિર્માણ તરફ શ્રેષ્ઠ પગલા ભર્યા., વિશ્વભરમાં 'ડિસ્ટન્સ એન્ડ ઓપન એજ્યુકેશન'નો કન્સેપ્ટ પ્રચલિત હતો, ત્યારે રાજીવ ગાંધીએ અભ્યાસ કરવા ઈચ્છતાં ભારતના યુવાનોને ધ્યાનમાં રાખીને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૂ)ની સ્થાપના કરી. આજે ઈગ્નુમાં લાખો વિદ્યાર્થીઓ ઘેર બેઠાં અભ્યાસ કરી રહ્યાં છે.

રાજીવ ગાંધી વારંવાર કહેતાં કે, ભારતની એકતાને કાયમ રાખવા એ જ મારો ઉદ્દેશ્ય છે. 'એકવીસમી સદીના ભારતનું નિર્માણ' કરવું એ તેમનું પ્રમુખ મિશન હતું તેમજ ભારતને હાઈ-ટેકનોલોજીથી પરિપૂર્ણ કરવાનું તેમનું લક્ષ્ય હતું. જે આજે સફળ થતું અનુભવી શકીએ છીએ. રાજીવ ગાંધીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળમાં ભારત અને અમેરિકાના સંબંધોમાં મહત્વપૂર્ણ સુધારાનો આરંભ થયો., દેશમાં ઓરી-અછબડા શીતળા, મેલેરિયા, હિપેટાઈટિસ-બી, પોલીયો, સહીતની રસી વિદેશથી મંગાવવી પડતી હતી જે મોંઘી અને વિલંબથી ઉપલબ્ધ થતી હતી. રાજીવ ગાંધીજીએ દેશના વૈજ્ઞાનિકોને રૂબરૂ બોલાવી ઉત્પાદન અને સંશોધન માટે તમામ વ્યવસ્થાની શરૂઆત કરાવી જેના પરિણામે આજે દેશમાં રસી (વેક્સિન)ના ઉત્પાદન ક્ષેત્રે ભારત આત્મનિર્ભર બન્યું. સાથોસાથ રસીકરણ રાષ્ટ્રીય કાર્યક્રમની ઝુંબેશને પરિણામે ઓરી-અછબડા શીતળામાંથી મુક્તિ મળી અને 'પોલીયો મુક્ત ભારત' બન્યું. ૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા રાજીવ ગાંધીની દુરંદેશી નીતિએ ભારતને એક મજબૂત અને પ્રગતિશીલ રાષ્ટ્ર બનાવ્યું . રાજીવ ગાંધી એક મહાન રાજનેતાની સાથે ઉમદા માનવી હતા, રાજીવજીને સાચી શ્રધ્ધાંજલી એજ છે કે, તેમને જે રાષ્ટ્ર માટે રસ્તો કંડારેલ તે પથ પર સંકલ્પ સાથે આગળ વધીએ. પુણ્યતિથી નિમિતે શત શત નમન..

૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા, ભારતરત્ન, દીર્ઘદ્રષ્ટા પૂર્વ પ્રધાનમંત્રીશ્રી રાજીવ ગાંધીની પુણ્યતિથી નિમિત્તે કોંગ્રેસ ભવન ખાતે રાજીવજીની પ્રતિમાને પૂર્વ પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, પૂર્વ સાંસદશ્રી અમીબેન યાજ્ઞિક, વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, અ.મ્યુ.કોં.નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, કોંગ્રેસ પક્ષના લોકસભા ઉમેદવાર શ્રીમતિ સોનલબેન પટેલ, શ્રી ભરત મકવાણા, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, શ્રી બળદેવભાઈ લુણી, મીડીયા કોકન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ, શ્રી હિરેન બેંકર સહિત સેવાદળના સૈનિકો, શહેરના કાર્યકર્તાઓ - આગેવાનો - મહાનુભાવો મોટી સંખ્યામાં જોડાયા હતા અને રાજીવજીએ દેશ માટે આપેલ યોગદાન અને બલિદાનને યાદ કર્યા હતા.

હિરેન બેંકર

(હિરેન બેંકર)

પ્રવક્તા